VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# ગંગાલહરીમાં જગન્નાથે વર્ણવેલ ગંગામાહાત્મ્ય

## ડૉ. રઘુભાઇ કે. પટેલ

આસીસ્ટન્ટ પ્રોફેસર

સંસ્કૃત વિભાગ

ધી.કે.એન.એસ.બી.એલ.આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ,ખેરાલુ. જિ.મહેસાણા.

મો.૯૯૦૯૨૯૧૪૯૪

### *સારાંશ –*

કોઇ એક આરાધ્ય દેવ કે દેવીની સ્તુતિમાં રચાયેલાં, ભાવસભર ઊર્મિઓ અને ઉદગારોથી યુક્ત તેમજ સાહિત્યિક ગુણોથી અલંકૃત કાવ્યોને સ્તોત્ર કહેવામાં આવે છે. કવિની જે તે દેવ તરફની પ્રતિપત્તિ અને શરણાગતિ આમાં આધારસ્વરૂપ બની રહે છે. અનન્ય ભાવે જે તે દેવ કે દેવીને શરણે ગયેલ કવિ પરમ ભાવાર્દ્ર હૃદયે જે તે દેવ કે દેવીને ભજે છે. આમાં મહદંશે પોતાનો ઉદ્ધાર કરવાની યાચના મુખ્ય હોય છે. સાથે સાથે પોતાનાં અનેક દુષ્કર્મો બદલ આત્મભર્ત્સના કરી કવિ પોતાનો પશ્ચાતાપ વ્યક્ત કરે છે અને પોતાના આરાધ્ય દેવના મહિમાવંત કાર્યો અને પરાક્રમોનું ગૌરવપૂર્ણ આલેખન કરી તે દેવ કે દેવીની અનન્ય મહત્તા સિદ્ધ કરે છે. સ્તોત્રકાવ્યમાં પ્રસ્તુત દેવ કે દેવી જ પોતાના જેવા સર્વત્ર તિરસ્કૃત વ્યક્તિનો ઉદ્ધાર કરવા માટે સમર્થ છે એ બાબતનું ભક્તકવિ વારંવાર પ્રતિપાદન કરે છે. આમ ભક્તિ, પ્રપત્તિ, અનન્ય શરણાગતિ, દેવમહિમા વર્ણન,આત્મભર્ત્સના અને પશ્ચાતાપ એ સ્તોત્રકાવ્યનાં અગત્યનાં લક્ષણો છે. સ્તોત્રકાવ્ય અનિવાર્ય રીતે ઊર્મિકાવ્ય હોવાથી ઊર્મિપ્રધાન કવિતામાં જે ઊર્મિનું પ્રાધાન્ય તેમ જ રસાત્મકતા હોય છે તે અહીં ભક્તિભાવસ્વરૂપે પ્રગટ થાય છે. પંડિતરાજ જગન્નાથનો ગંગા નદી તરફનો પ્રેમ, આદર અને ભક્તિસભર ઊર્મિઓ ગંગાલહરીસ્તોત્રમાં અભિવ્યક્ત થયેલી છે.

**ચાવીરૂપ શબ્દો** – ભક્તિભાવ, મહિમાગાન, અનન્ય પ્રતિપત્તિ, આત્મનિંદા, પશ્ચાતાપ, આર્તનાદ.

### પ્રસ્તાવના:

સ્તોત્રસાહિત્યમાં પુષ્પદંતનું શિવમહિમ્નસ્તોત્ર,મયૂરનું સૂર્યશતક, બાણભટ્ટનું ચંડીશતક, શંકારાચાર્યનું સૌંદર્યલહરી સ્તોત્ર,કુલશેખરનું મુકુંદમાલાસ્તોત્ર, લીલાશુકનું કૃષ્ણકર્ણામૃતસ્તોત્ર, યમુનાચાર્યનું આલબંદારસ્તોત્ર, વેંકટાધ્વરીનું લક્ષ્મીસહસ્ર, મધુસૂદન સરસ્વતીનું આનંદમંદાકિની, અપ્પય્ય દિક્ષિતનું વરદરાજસ્તવ, નીલકંઠદિક્ષિતનું આનંદસાગરસ્તવ, જગદ્ધરનું સ્તુતિકુસુમાંજલિ, ઉત્પલદેવનું શિવસ્તોત્રાવલિ, તથા જગન્નાથનાં લહરીકાવ્યોમાં ગંગાલહરી વગેરે સ્તોત્રો, નોંધપાત્ર છે. ગંગાલહરી સંસ્કૃત સાહિત્યનાં ઉત્તમ સ્તોત્રકાવ્યોમાં નિ:શંક સ્થાન પ્રાપ્ત કરવાની ક્ષમતા ધરાવે છે. જગન્નાથે ભગવતી ભાગીરથીના સમગ્ર મહિમાને અનન્ય ભક્તિભાવથી આ સ્તોત્રકાવ્યમાં અભિવ્યક્ત કર્યો છે. આથી જ ગંગાલહરી ગંગાનુ મહિમ્ન: સ્તવ બની રહ્યું છે.

ઉત્કટ ભક્તિભાવ:

ગંગાલહરીના પ્રત્યેક શ્લોકમાં જે ભાવ પદે પદે અભિવ્યક્ત થયો છે, તે છે કવિનો ઉત્કટ અને ઊંડો ભક્તિસ્રોત. કવિને મન ગંગા એક વાત્સલ્યમૂર્તિ દેવી છે અને પોતે એનો બાળક છે. ગંગા પરની ઊંડી શ્રદ્ધા અને ભક્તિને કારણે તેણે

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

અન્ય દેવોની નિતાંત ઉપેક્ષા કરી છે. ગંગા જ પોતાનો ઉદ્ધાર કરવા સમર્થ છે એવી એની ઊંડી પ્રતીતિ વારંવાર તેની ઉર્મિઓમાં અભિવ્યક્ત થયા કરે છે. બધી બાજુથી હારેલા થાકેલા કવિને જો ગંગા પણ ઉખેવી દે તો તે હવે કોની પાસે જાય ? કવિ કહે છે-

इदानिमौदास्यं भजसि यदि भागीरथि तदा
निराधारो हा रोदिमि कथय केषामिह पुर: ।

કવિ જો કે વારંવાર ગંગા પાસે પોતાના આંતરિક સંતાપ, ત્રિવિધ તાપ અને દુ:ખો દૂર કરવા વિનવે છે. પણ કવિ અહીં ગંગા પાસે કોઇ ભૌતિક સુખોની યાચના માટે ઉપસ્થિત થયો નથી. એ માત્ર પારમાર્થિક કલ્યાણની ઇચ્છા જ વારંવાર પ્રગટ કરે છે. ગંગા તરફનો એનો અનુરાગ નિર્વ્યાજ ભાવથી અનુપ્રણિત છે. કવિ પોતે કહે છે-

शपे तुभ्यं मातर्मम तु पुनरात्मा सुरधुनि
स्वभावादेव त्वय्यमितमनुरागं विधृतवान् ।

ગંગા તરફની કવિની ભક્તિ ઉત્કટ કોટિએ પહોંચી છે. પોતાનું ઇહલૌકિક કે પારલૌકિક કલ્યાણ ગંગાથી સહજપણે સિદ્ધ થવાનું છે એવી શ્રદ્ધાથી કવિ નિશ્ચિંત બની સૂએ છે-

सुखं शेते मातस्तव खलु कृपात: पुनरयं
जगन्नाथ: शश्वत्वयि निहितलोकद्वयभर: ।

આમ, ગંગાલહરીમાં કવિનો ગંગા તરફનો પોતાનો ઉત્કટ ભાવ પદેપદે પ્રગટ થાય છે.

અનન્ય પ્રતિપત્તિ:-

ગંગા તરફના ઉત્કટ ભક્તિભાવને કારણે કવિ કહે છે કે તે અન્ય દેવદેવીઓને ત્યજીને એકમાત્ર ગંગાને શરણે જ આવ્યો છે. કવિની આ પ્રતિપત્તિ અત્યંત વેધક અને અસરકારક શબ્દોમાં આ કાવ્યમાં રજૂ થઇ છે. ગંગાની કરુણા અને કૃપા ઉપર ભરોસો રાખીને કંઇક ગર્વિષ્ઠ બનેલા કવિએ બીજા દેવોની તો ભારે અવહેલના કરી છે. વળી, પોતાનાં અત્યંત વિષમ પાપો ધોઇ નાખવાની ક્ષમતા ગંગા વિના કોઇ દેવ-દેવીમાં નથી. જેમનાં પાપો પ્રાયશ્ચિત અને પશ્ચાતાપથી પણ દૂર થઇ શકે તેમ નથી તેમનો ઉદ્ધાર કરવાને માટે સમર્થ એકમાત્ર ગંગા જ છે.

अपि प्रायश्चितप्रसरणपथातीतचरितान्
नरानरीकर्तुर्त्वमिव जननि त्वं विजयते ।

અહીં અનન્વય અલંકાર દ્વારા કવિની આ ઉત્કટ ભાવના વ્યક્ત થાય છે. ગંગાના ઊંચા તરંગોના વર્ણનમાં કાવ્યચમત્કૃતિ છે. છવ્વીસમા શ્લોકમાં ગંગાના જલકણોની કામક્રોધનો સંતાપ હરવાની ક્ષમતાનો નિર્દેશ છે. ચાલીસમા શ્લોકમાં પાર્વતી દ્વારા અસૂયભાવે નિરખાતી અને પરિણામે આમતેમ ઉછળતી ગંગાની લહરીઓનું કાવ્યમય વર્ણન છે. એકાવનમા શ્લોકમાં પણ ગંગાની લહરીઓરૂપી તટના ઘટતાંડવનું ચમત્કૃતિપૂર્ણ વર્ણન છે. નિર્લોભી શિવને પણ ગંગાને માથે ચઢાવવાનું મન થયું એમ કહીને કવિ ગંગાના મહિમાને અસરકારક શબ્દોમાં નવાજે છે. ગંગાને કાંઠે રહેતા કાગડાઓએ ઇન્દ્રની એમને સ્વર્ગમાં લઇ જવાની વિનંતીનો અસ્વીકાર કર્યો એવો પૌરાણિક સંદર્ભ આપીને ગંગાના તટનો મહિમા પ્રગટ કર્યો છે. આ ગંગાને કાંઠે દિવ્ય જળ પીને સંતોષ અનુભવતા અનેક રાજર્ષિઓ અને મહર્ષિઓ સ્વર્ગનો પણ ઉપહાસ કરે છે એમ કહીને ગંગાતટની સ્વર્ગથી પણ અધિક સુખકારકતાનો નિર્દેશ પણ કાવ્યમય છે. ગંગાની માટી માણસોના પાપોને ભૂસી નાખે છે. આમ, કવિ ગંગા સાથે સંકળાયેલાં અંગો અને ઉપાંગોનું મહિમાવંતુ વર્ણન કરે છે.

ગંગાનો જન્મ વિષ્ણુના નિર્મલ નખમાંથી થયો છે અને એનું નિવાસસ્થાન શિવની જટા છે. આથી તે શ્રેષ્ઠ છે. એકમાત્ર ગંગા તીર્થોમાં શ્રેષ્ઠ છે કારણકે અત્યંત પતિત માણસોને પણ પવિત્ર કરવાની જે ક્ષમતા અન્ય તીર્થોમાં નથી તે ગંગામાં છે. દાન, ધ્યાન, યજ્ઞ કે ઉગ્ર તપશ્ચર્યાથી પણ જે અપ્રાપ્ય છે તે વિષ્ણુનું પરમપદ ગંગા માત્ર પોતાના જળસ્થાનથી સિદ્ધ કરી આપે છે. ગંગા માત્ર પાપીઓને જ નહિ, પણ અપંગ અને ગ્રહગ્રસ્ત દુ:ખી લોકોનો પણ ઉદ્ધાર કરી શકવાને માટે સમર્થ છે. ગંગાનું પાવનકારિત્વ અનન્ય છે.

http://vidyajournal.org

अपि घ्नन्तो विप्रानविरतमुशन्तो गुरुसती:
पिबन्तो मैरेयं पुनरपहरन्तश्च कनकम् ।

આવા ઘોર પાપીઓનો પણ ગંગા ઉદ્ધાર કરે છે. કવિને શ્રદ્ધા છે કે માણસની બધી કામનાઓને પૂર્ણ કરનારી ગંગા જાગૃત છે ત્યારે બ્રહ્મા ભલે નિ:શંક થઇને સદાને માટે સમાધિ લગાવે, વિષ્ણુ શેષનાગ પર સુખેથી સૂઇ જાય અને મહાદેવ નિરંતર તાંડવ નૃત્ય કર્યા કરે. કવિ ગંગાને વારંવાર બાળભાવે ભજીને એની સમક્ષ પોતાનું હૃદય ખોલે છે. शिशु: सम्प्राप्तस्त्वामहमिह विध्या: समुचितम् - એમ કહેતા કવિની આ ઊંડી શરણાગતીનો ભાવ પ્રતીતિકર શૈલીમાં નિરૂપાયો છે. કવિ કહે છે કે આવા અત્યંત વિષમ સમયે જો તું મને ત્યજી જશે તો નિરાધાર બનેલી નિર્વ્યાજ કરુણા કોને શરણે જશે ? પતીતપાવની તરીકેનો ગંગા પરનો વિશ્વાસ અસ્ત થઇ જશે. આમ અનન્ય ભાવે ગંગાને શરણે આવેલો કવિ કોઇવાર દીનભાવે, કોઇવાર બાલભાવે તો કોઇવાર પ્રેમનો અધિકાર પ્રસ્થાપિત કરીને ગંગા પાસે ઉદ્ધાર માટેનો આગ્રહી બને છે.

ભવ્ય મહિમાગાન:-

ગંગાલહરીના દરેક શ્લોકમાં કવિએ ગંગા તરફના ઊંડા આદર અને ભક્તિભાવની સાથે સાથે જ ગંગામાતાના ભવ્ય મહિમાનું દર્શન કરાવ્યું છે. કવિ વારંવાર ગંગાના પવિત્ર જળ, પાવનકારી પ્રવાહ અને ઊંચા ઉછળતા તરંગો તેમ જ એના મૂર્ત સ્વરૂપને અહોભાવભર્યા શબ્દોમાં વર્ણવે છે. ગંગાનો પવિત્ર તટ અને એ તટ પરનાં મનોહર વૃક્ષો પણ ગંગા મહિમાનો વર્ણ્ય-વિષય બને છે. આરંભે જ ગંગાના જળને કવિ પૃથ્વીનું સૌભાગ્ય અને શિવનું પરમ ઐશ્વર્ય કહીને વંદન કરે છે. ગંગાના પ્રવાહને અજ્ઞાનરૂપી વૃક્ષને ઉખેડી નાખનાર ગુરૂ સાથે સારખાવે છે. ગંગાની મૂર્તિ સકળ ધર્મોનું સ્થાન, નવનવા આનંદોનું ઉત્પાદક તીર્થશ્રેષ્ઠ અને અબુદ્ધિને દૂર કરે છે.

विहाय त्वय्यन्ते तनुमतनुदानाध्वरजुषा
मुपर्यम्ब क्रीडन्त्यखिलसुर संभावितपदा ।

આમ, આતતાયીઓની કોટિએ પહોંચેલા પાપીઓને ગંગા જે ઉત્તમ સ્થાન અપાવે છે, તે સાચે જ અનન્ય છે. ગંગાના જળની પવિત્રતા એટલી બધી તો પ્રભાવક છે કે રાણીઓના પોતાના વક્ષ:સ્થળ ઉપરની કસ્તુરી ગંગાના જળ સાથે ભળે છે કે તરત જ તે આમોદને જન્માવતાં હરણો સ્વર્ગમાં પ્રવેશે છે. ગંગાનું જળ જ નહીં ગંગાનું નામસ્મરણ પણ પરમ શાંતિ અર્પે છે. મહાપાપી મનુષ્ય પણ જો એનું સ્મરણ કરે તો ચંદ્ર જેમ અંધકારને દૂર કરે તેમ તે એની જડતા અને અજ્ઞાનને હરી લે છે. કવિ આથી જ પ્રાણાંતે પોતાને 'ગંગા' નામનું જ સ્મરણ રહે તેવી અભિલાષા વ્યક્ત કરે છે.

इदं तदगङ्गेति श्रवणरमणीयं खलु पदं
मम प्राणप्रान्ते वदनकमलान्तविलसित ।

વેદો પણ ગંગાનો પાર પામ્યા નથી, ગંગા તો નિરાકાર, નિત્ય અને વાણી માટે અગોચર તત્વ બ્રહ્મ છે. તે કોઇ સામાન્ય વિષય નથી. અપાર મહિમાવાળી ગંગાના ફક્ત દર્શનમાત્રથી જ માનવી સંસારના ભયથી મુક્ત થઇ જાય છે. ગંગામૈયા તો શ્રેષ્ઠ ઔષધ છે. જડ,અંધ,પંગુ, બહેરા, બોબડા, ગ્રહોની દશાથી પીડાતા, દેવોએ ત્યજી દીધેલા અને નરકમાં સબડતા સૌને ગંગા ભેદભાવ વિના તારે છે. ધરતી ઉપરના તીર્થક્ષેત્રો સદા પાપ દૂર કરે પરંતુ ગંગા તો પ્રાયશ્ચિતના ક્ષેત્રમાં પણ ન આવી શકે તેવાં પાપોનો નાશ કરે છે. ગંગામૈયા ધર્મોનું આશ્રયસ્થાન છે. નવી જાતના આનંદોનું વિધાન છે. તીર્થોમાં મુખ્ય છે. બુદ્ધિના તર્ક-વિતર્ક તેની પાસે શમી જાય છે. સર્વ પ્રકારની સમૃદ્ધિ આપનાર તે ત્રિવિધ તાપનું શમન કરે છે.

આત્મભર્ત્સના અને પશ્ચાતાપ:-

અનન્યભાવે ગંગાના શરણે ગયેલો કવિ ગંગા સમક્ષ પોતાના અપરાધોનો નિખાલસ એકરાર કરે છે. પોતે આખી જિંદગી લક્ષ્મીથી છકી ગયેલા રાજાઓ આગળ રાજ્યાશ્રય માટે દોડ્યા કર્યું છે, ચાંડાળો જેવા વ્યવહારમાં પ્રીતિ રાખી છે, મિથ્યાપ્રલાપો કર્યા છે અને સતત બીજાની ચાડીચૂગલી કરવામાં રમમાણ રહ્યો છે. અત્યાર સુધી તે ગંગાને ભૂલી

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

ગયો હતો, હવે હારી થાકીને ગંગા પાસે આવ્યો છે. એક બાજુ અનાથ, નષ્ટગતિ, પતિત, રોગજર્જરિત અને તૃષ્ણાપીડિત એવો બાળક જગન્નાથ છે; તો બીજી બાજુ સ્નેહાર્દ્ર,પુણ્યગતિ અર્પનાર,વિશ્વનો ઉદ્ધાર કરનાર,સિદ્ધહસ્ત વૈદ્ય અને અમૃત સમાન ગંગામાતા છે. કવિ કહે છે કે ચાંડાળો પણ ન કરે તેવાં પાતકો તેણે કર્યાં છે. ગંગાને જગન્નાથ જેવો મહાપાપી હજી સુધી મળ્યો નહિ હોય અને માટે જ ગંગાને થયું કે હું એક એવા પાપીનો ઉદ્ધાર કરું છું કે જેના ઉદ્ધારથી જગત આશ્ચર્યચકિત થઇ જાય. એ ઇચ્છાને પૂર્ણ કરવા જ જાણે જગન્નાથ ઉપસ્થિત થયો છે. આ કવિ વારંવાર પોતાના અપરાધો બદલ પશ્ચાતાપ વ્યક્ત કરી ગંગાની કૃપા યાચે છે.

## સ્વરૂપવર્ણન:-

ગંગામૈયા શરદ ઋતુના ચંદ્ર જેવી ઉજળી છે. તેનો મુગટ ચંદ્રલેખાથી શોભે છે. તેના હાથમાં જલકુંભ, કમળ, વરદાનની મુદ્રા, અભયદાનની મુદ્રા છે. તે શ્વેત મગર ઉપર બિરાજે છે. સંસારરૂપી દાવાનળથી દાઝેલાને તે સતત શક્તિશાળી બનાવે છે.ગંગા તો શાંતનુની ભાર્યા છે. સંસારનાં દુ:ખ અને ભયરૂપી સર્પોથી જકડાયેલા લોકોનો સંતાપ તે દૂર કરે છે. આથી કવિ પોતાના દેહનું કલ્યાણ કરવા પ્રાર્થે છે. છેલ્લે કવિ કહે છે કે ગંગા મારાં અંગોને નિર્મળ કરો. જે કાનમાં તારા તરંગોનો ખળખળ નાદ પડ્યો નથી, તે કાનને ધિક્કાર છે. તારો પ્રવાહ જ્યાં નથી ત્યાં જ સ્વર્ગ અને નરકના ભેદ હોય છે. બ્રહ્મહત્યા, ગુરૂપત્નીગમન, સુવર્ણની ચોરી વગેરે મહાપાતકો કરનારાઓ પણ તારામાં દેહત્યાગ કરીને માનપૂર્વક સ્વર્ગમાં જાય છે.

કવિનો આર્તનાદ:-

ગંગાનો મહિમા ગાઇને તેમ જ પોતાના અપરાધોનો સ્વીકાર કરતા જઇને કવિ ગંગાને પોતાનો ઉદ્ધાર કરવા વિનવે છે. એની વિનંતીમાં કાકલૂદી કે આજીજી છે. ક્યાંક ગંગાને જાણે પોરસ ચડાવતો હોય તેમ પ્રોત્સાહન આપે છે. તો ક્યાંક બાળહઠનો આગ્રહ પણ જણાય છે. પોતાના જેવા મહાપાપીનો ઉદ્ધાર કરવા માટે ગંગાએ સાચે જ સજ્જ થવાનું છે. તેથી જ કવિ કહે છે-

बधान द्रागेव द्रढिमरमणीयं परिकरं
किरीटे बालेन्दु नियमय पुन: पन्नगगणै: ।
न कुर्यास्त्वं हेलामितरजनसाधारणतया
जगन्नाथस्यायं सुरधुनि समुद्धारसमय: ॥

## ઉપસંહાર:-

ગંગાલહરીમાં કવિના ઊંડા ભક્તિભાવની અદમ્ય ઊર્મિઓ શિખરીણી છંદમાં ઉત્કટ રીતે અભિવ્યક્ત થયેલી છે. ભારતીય સંસ્કૃતિમાં પરાપૂર્વથી શ્રદ્ધેય બનેલી ભગવતી ભાગીરથીનું પૂર્ણ ગૌરવ અને પાવનકારિ મહત્વ પૂરા કાવ્યસ્વરૂપમાં પ્રગટ કરી આપવામાં કવિને ભારે સફળતા મળી છે. ભાવોનું વૈવિધ્ય, તાજગીપૂર્ણ વિચારો અને ભક્તિભાવનું સાતત્ય આ સ્તોત્રકાવ્યને એક નવું જ પરિણામ બક્ષે છે.પંડિતરાજ જગન્નાથની કાવ્યપ્રતિભાનો સ્પર્શ થતાં ગંગાલહરી એક ઉત્તમ ઊર્મિકાવ્ય બનવા પામ્યું છે. એનો વિષય ભક્તિભાવનો છે, પણ ઊર્મિકાવ્યનાં સર્વ લક્ષણો એમાં મોજૂદ છે. અહીં કેટલીક અતિશયોક્તિઓ નિરર્થક જણાય છે. આમ છતાં ગંગાલહરીમાં કવિનો ઉત્કટ ભક્તિભાવ સતત વહેતો રહ્યો છે. આમ, ગંગાલહરી આપણા સંસ્કૃત સાહિત્યનું એક આગવું સ્તોત્રકાવ્ય છે.

## સંદર્ભગ્રંથ:-

1. ગંગાલહરી- સરસ્વતી પ્રકાશન, અમદાવાદ.
2. ગંગાલહરી- પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ.

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

3. રસગંગાધર- સરસ્વતી પ્રકાશન, અમદાવાદ.
4. ગંગાલહરી – ગીતાપ્રેસ,ગોરખપુર.
5. શ્રીગંગાસહસ્રનામસ્તોત્રમ્ - ગીતાપ્રેસ,ગોરખપુર.
6. ગંગાલહરી – બલવંત પુસ્તક ભંડાર,મુંબઇ